# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠામાં 358 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
2. **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કચ્છ અને મોરબી પોલીસ કરોડો રૂપિયાના કેફી પદાર્થનો નિકાલ કરશે.**
3. **ગુજરાત A.T.S.-એ આતંકી સંગઠન સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી –બે આરોપીને આજે અદાલતમાં રજૂ કરાશે.**
4. **દક્ષિણ ગુજરાતમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની આગાહી.**
5. **જામનગરમાં આજથી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધાનો પ્રારંભ થશે.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CM PATEL BANASKANTHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠાની મુલાકાતે જશે. દરમિયાન તેઓ સરહદી સુઈગામથી 358 કરોડ રૂપિયાથી વધુની કિંમતના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી પટેલ 11 જેટલી નવી S.T. બસનું પણ પ્રસ્થાન કરાવશે.

તેમજ તેઓ અંદાજે 29 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા 66 કિલોવૉલ્ટના ત્રણ સબ-સ્ટેશનનું લોકાર્પણ અને બે સબ-સ્ટેશનનું ખાતમુહૂર્ત કરશે.

સાંભળીએ પ્રતિનિધિનો અહેવાલ.

**(વોઈસ કાસ્ટ – સવજી ચૌધરી, બનાસકાંઠા)**

---

# CM SWAGAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજ્ય સ્વાગત ઑનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. દરમિયાન તેઓ નાગરિકોના પ્રશ્ન , સમસ્યાઓ અને રજૂઆતો સાંભળશે.

---

# SANGHAVI KUTCH MORBI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આજે કચ્છ અને મોરબી જિલ્લાના પ્રવાસે જશે. બંને જિલ્લામાં આજે તેમની ઉપસ્થિતિમાં પોલીસે કુલ 28 N.D.P..S કેસમાં જપ્ત કરેલા 391 કિલો જેટલા કેફી પદાર્થ અને આઠ હજાર 986 લિટર કેફી-પ્રવાહીના જથ્થાનો નાશ કરાશે.

**સાંભળીએ એક અહેવાલ.**

**(V/C- HINA MODI)**

*(ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આજે કચ્છ અને મોરબી જિલ્લાની મુલાકાત દરમિયાન બંને જિલ્લાના અરજદારો અને નાગરિકોની રૂબરૂ મુલાકાત લઈ તેમની રજૂઆત સાંભળશે. શ્રી સંઘવીની હાજરીમાં કચ્છના ગાંધીધામ બી ડિવિઝન પોલીસમથકમાં જપ્ત કરાયેલું 826 કરોડ 16 લાખ રૂપિયા જેટલી કિંમતના માદક પદાર્થ, માંડવી પોલીસમથકમાં જપ્ત કરાયેલું 44 કરોડ 16 લાખ રૂપિયા જેટલી કિંમતના માદક પદાર્થ તથા મોરબી તાલુકા પોલીસમથકમાં જપ્ત કરાયેલા એક કરોડ 84 લાખ રૂપિયાથી વધુના માદક પ્રવાહીનો નાશ કરાશે. રાજ્યકક્ષાની ઉચ્ચ સ્તરની ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટિ અને ત્રણેય પોલીસ જિલ્લાની સ્થાનિક ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટિ દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી આ જથ્થાનો નિકાલ કરાશે.*

*સમાચાર વિભાગથી હિના મોદી, આકાશવાણી, અમદાવાદ..)*

---

# SOMNATH-LOKARPAN MULU BERA

**પ્રવાસન મંત્રી  મૂળુભાઈ બેરાએ  ગઈકાલે યાત્રાધામ સોમનાથમાં ત્રિવેણી સંગમ ઘાટ પર 21 લાખ રૂપિયાના ખર્ચે આરતીની વિવિધ સુવિધાનું લોકાર્પણ કર્યું.**

**પ્રવાસન વિભાગ અને માર્ગ-મકાન વિદ્યુત વિભાગે  સંગમ ઘાટ પર સાઉન્ડ સિસ્ટમ અને લાઈટિંગ સુવિધા કરી છે. તેના કારણે ભક્તો દૂર સુધી આરતીનો નાદ સાંભળી શકશે.**

---

# TERRORIST ARREST

**ગુજરાત આતંકવાદ વિરોધી દળ- A.T.S.એ ગઈકાલે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી.**

ગુજરાત **A.T.S.**ના **D.I.G.** સુનિલ જોષીએ કહ્યું , ચારેય આરોપી વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ અને શંકાસ્પદ ઍપ્લિકેશનના માધ્યમથી આતંકી માનસિકતાનો પ્રચાર કરી રહ્યા હતા. બે આરોપીને ગઈકાલે અદાલતમાં રજૂ કરાતા તેમને 14 દિવસની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. જ્યારે અન્ય આરોપીઓને આજે અદાલતમાં રજૂ કરાશે.

આ અંગે **A.T.S.**ના **D.I.G.** સુનિલ જોષીએ વધુ માહિતી આપી.

**(બાઈટ – સુનિલ જોષી, ડીઆઈજી, ગુજરાત એટીએસ)**

---

# ANAND ACCIDENT

આણંદમાં ટૅન્કર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા બે લોકોના મોત થયાના અહેવાલ છે.

અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે , ખેરડા ગામના એક પરિવારના સભ્યો રિક્ષામાં વાસદ ગામથી પરત આવી રહ્યા હતા. ગઈકાલે વહેરાખાડી ગામ નજીક ટૅન્કર અને રિક્ષા વચ્ચે ટક્કર થતાં એક જ પરિવારના બે લોકોના મોત થયા. જ્યારે પાંચ લોકો ઈજાગ્રસ્ત થયાના છે. ખંભોળજ પોલીસે ટૅન્કરચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# TASK FORCE COMMITTEE

રાજ્યમાં સર્વગ્રાહી શિક્ષણ મૂલ્યાંકન માટે રચાયેલી કાર્યદળ સમિતિનો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપવામાં આવ્યો છે.

અહેવાલમાં વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે ખેલકૂદ , સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ , વ્યાવસાયિક તાલીમ જેવી બાબતો માટેના સર્વગ્રાહી શૈક્ષણિક અભિગમ દ્વારા ભાવાત્મક અને બૌદ્ધિક ક્ષમતાવર્ધનની ભલામણ કરવામાં આવી છે.

રાજ્યની શિક્ષણ પદ્ધતિમાં તમામ પ્રકારના પરિવર્તન લાવીને સમગ્રતાલક્ષી અભ્યાસ અભિગમના સર્વગ્રાહી મૂલ્યાંકન માટે આ સમિતિની રચના કરવામાં આવી છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# WEATHER UPDATE

હવામાન વિભાગે આગામી 28 જુલાઈ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. દરમિયાન આજે અને આવતીકાલે છોટાઉદેપુર , નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

જ્યારે 26 જુલાઈએ આ જિલ્લાઓ સહિત મહીસાગર , દાહોદ, પંચમહાલ, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદ થઈ શકે છે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

## (બાઈટ – ડૉ.એ.કે.દાસ, ડાયરેક્ટર, હવામાન વિભાગ)

બીજી તરફ , રાજ્યના માછીમારોને આગામી 27 જુલાઈ સુધી દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ છે.

---

# JAMNAGAR – TABLE TENNIS

જામનગરમાં આજથી ચોથી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટ - JDTTAનો પ્રારંભ થશે. 26મી જુલાઈ સુધી રમાનારી સ્પર્ધામાં ધૈર્ય પરમાર, ફ્રેનાઝ છિપીયા, ફિલઝાહ ફાતિમા કાદરી, અભિલાક્ષ રાવલ, નામના જયસ્વાલ જેવા વરિષ્ઠ ખેલાડીઓ ભાગ લેશે.

અંડર-13 અને અંડર- 15 બોયઝ કેટેગરીમાં દેવ ભટ્ટ , આયૂષ તન્ના , રિયા જયસ્વાલ, પ્રથા પવાર, જન્મેજય પટેલ, ધ્યેય જાની અને હિમાંશ દહિયાનો સમાવેશ થાય છે. દરમિયાન સ્થાનિક ખેલાડી તનિશા કતારમલ પણ સ્પર્ધામાં રમશે.

JDTTAના સચિવ પ્રકાશ નંદાએ કહ્યું, આ સ્પર્ધા માટે નવ ટેબલનો ઉપયોગ કરાશે અને 20 જેટલા ક્વોલિફાઈડ અધિકારીઓની દેખરેખ હેઠળ સ્પર્ધા રમાશે.

---

# ESIC REGISTRATION

સામાજિક સુરક્ષાનો વ્યાપ વધારવા કર્મચારી રાજ્ય વીમા નિગમ – E.S.I.C. દ્વારા શરૂ કરાયેલી નોકરીદાતા અને કર્મચારીઓની નોંધણી પ્રોત્સાહન યોજના હેઠળ રાજ્યમાં આ મહિનામાં 450થી વધુ નવા કારખાનાની નોંધણી થઈ છે.

આ અંગે E.S.I.C.ના વિભાગીય નિયામક હેમંત પાંડેએ કહ્યું , શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા નોંધણી માટે પહેલી જુલાઈથી 31-મી ડિસેમ્બર સુધી વિન્ડો ઑપન કરવામાં આવી છે, જેમાં 10થી વધુ કર્મચારીઓ ધરાવતી કંપનીઓ નોંધણી કરાવી શકશે. નોંધણી થયેલી કંપનીના કર્મચારીઓને મેડિકલ , પેન્શન સહિતની વિવિધ યોજનાઓનો લાભ મળશે.

# (બાઈટ – હેમંત પાંડે, ડાયરેક્ટર, ઈએસઆઈસી અમદાવાદ)

---

## BILVA PATRA SOMNATH

આવતીકાલથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. શ્રાવણમાં સોમનાથ ટ્રસ્ટની 25 રૂપિયામાં બિલ્વપૂજામાં ભાગ લેવા ભક્તોમાં અનેરો ઉત્સાહ છે. ભક્તો સોમનાથ ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટની મુલાકાત અથવા આપેલા **Q.R.** કોડ સ્કેન કરીને પૂજાનો લ્હાવો લઈ શકે છે એમ મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે , મહાશિવરાત્રિ 2023થી શરૂ કરાયેલી 25 રૂપિયામાં બિલ્વપૂજામાં અત્યાર સુધી 10 લાખ 66 હજારથી વધુ ભક્તો જોડાયા છે.

---